# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 8 •• November, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com


## ગુનાનો ભોગ બનનારને ગુનેગાર ન ઠરાવીએ

# ટાળવા જેવું શું? બાળદીક્ષા કે અયોગ્ય દીક્ષા?

મુનિ શ્રી મિત્રાનંદસાગરજી

જૈન મુનિઓમાં બાલદીક્ષિત મુનિઓ સાથે કુકર્મ આચરવાનું પ્રમાણ ચોંકાવનારી હદે વધી રહ્યું છે. એમાંનો એક મામલો તો છેક સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો છે. ચાઇલ્ડ એબ્યુઝનો આ મામલો સબજુરિસ હોવાથી આપણે સંબંધિત કેસની ચર્ચામાં નહીં ઊતરીએ. પણ આપણે આ અવસરને નિમિત્ત બનાવીને દીક્ષાની યોગ્યતા અંગે થોડા મુદ્દાઓ તપાસવા છે.

સુપ્રિમ કોર્ટમાં ગયેલા આ કેસ અંગે ભારતભરનાં છાપાંઓમાં સમાચારો ચમક્યા છે. આ બધાં વર્તમાનપત્રો કંઈ ગટરછાપ સમાચારો પ્રકાશિત કરનારાં કે પીળા પત્રકારત્વવાળાં નથી. હેવાલ આપનારાં વર્તમાનપત્રોમાંનાં ઘણાખરાં તો નામાંકિત અને તટસ્થતાની ઊજળી છાપ ધરાવનારાં છે. આમાંનાં કેટલાંક વર્તમાનપત્રો મારી નજરે ચઢ્યાં છે. પરંતુ એમાં સંબંધિત સમાચારો સિવાય કોઈ વિગતો ઉપલબ્ધ નથી. ગુજરાતમાં હમણાં જ પ્રવેશ કરનારા અને ટૂંકા ગાળામાં ઠીક ઠીક કાઠું કાઢનારા 'દિવ્ય ભાસ્કર' દૈનિકમાં પણ બાલમુનિની ઘટનાનો હેવાલ સુપ્રિમ કોર્ટના હવાલાથી સમાચારરૂપે પ્રકાશિત થયો હતો.

એ પછી વરિષ્ઠ કટારલેખક શ્રી રમેશભાઈ ઓઝાની કોમેન્ટ પણ 'આજની વાત' એ શીર્ષક નીચે પ્રકાશિત થઈ હતી. જે કોમેન્ટ પ્રમાણમાં ઘણી સંતુલિત અને વિચારપ્રેરક હતી. શ્રી ઓઝાભાઈ પત્રકારત્વની લાંબી અને ઊજળી કારકીર્દી ધરાવે છે અને એમના અભ્યાસ બાબતે કોઈ શંકા નથી. તેમણે આ બાલમુનિ સંબંધિત પ્રસંગને નિમિત્ત બનાવીને બાળદીક્ષા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. એ વિચારો વાંચતાં મારા મનમાં પણ કેટલાક વિચારો જાગ્યા હતા. એ વિચારોને મેં મારા પ્રતિભાવરૂપે લેખનમાં ઢાળ્યા હતા.

ગુજરાતી વર્તમાનપત્રોમાં લેખન કરતા કટારલેખકોએ લખેલા લેખો અથવા તંત્રીની નોંધ તરીકે રજૂ થતા એડિટોરિયલ અંગે વાચકોના પોતાના વિચારો, પ્રતિભાવો કે સમીક્ષા પણ પ્રકાશિત થાય એવો ઉદાર રિવાજ હજી સુધી વિકસ્યો નથી. ગુજરાતી છાપાંઓમાં વાચકોના પત્રો રજૂ કરતી કોલમોનું સ્તર તદ્દન અલગ પ્રકારનું હોય છે. વાચક લખી મોકલે એવા પત્રને કહેવાય ચર્ચાપત્ર, પરંતુ તેમાં ચર્ચાનું તત્ત્વ સોએ એકાદ પત્રમાં જ જોવા મળે. 'કેરોસીનના ભાવો અંગે સરકાર આટલું કરશે?,' 'અમદાવાદની સડકો ઉપર ગાયોનો અસહ્ય ત્રાસ', 'ફલાણા રોડના ફલાણા પોઈન્ટ ઉપર બસ સ્ટોપની તાતી જરૂરિયાત' જેવા સૂચનાત્મક અને ફરિયાદાત્મક પત્રોને ગુજરાતી વર્તમાનપત્રમાં 'ચર્ચાપત્ર' કહેવાનો રિવાજ છે!! આવા ચર્ચાપત્રો લખી મોકલતા ઘણાખરા વાચકો તો પોતાનું નામ છાપામાં આવે એટલી જ માત્ર ખ્વાહિશ ધરાવતા હોય છે. હસમુખ ગાંધીના મિજાજમાં કહીએ તો *'આપડો લેખ છાપામાં આવ્યો છે'* એવો વટ મારવા જ ઘણાખરા ચર્ચાપત્રો લખાતા હોય છે.

ગુજરાતી વર્તમાનપત્રોમાં કદાચ તંત્રીલેખના પ્રતિભાવ રૂપે કોઈ વાચકનો પત્ર પ્રકાશિત થયો હોય તો એનું માળખું કંઈક આવું હોય : *'ફલાણી તારીખના આપના અખબારમાં છપાયેલો આપનો તંત્રીલેખ ખૂબ સમયસરનો હતો. તંત્રીના વિચારો સાથે હું સમ્મત છું.'* બસ.

મૂળ વાત ઉપર આવીએ તો શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા લખાયેલી એ કૉમેન્ટ અંગેના મારા પ્રતિભાવો રૂપે મેં જે કંઈ લખ્યું હતું તે 'દિવ્ય ભાસ્કર'માં પ્રકાશિત ન થઈ શક્યું. કદાચ એમાં *'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવા તંત્રી શ્રી હસમુખ ગાંધીના તંત્રીપદે નીકળતા 'સમકાલીન' દૈનિક*નો ઉલ્લેખ દિવ્ય ભાસ્કરના તંત્રીશ્રીને ન ગમ્યો હોય એમ પણ બને. કદાચ એવો ખ્યાલ પણ હોઈ શકે કે 'સાધુબાવાઓને વળી આ બધામાં શું ખબર પડે!' કદાચ શ્રી ઓઝાભાઈએ જે લખ્યું તેમાં હવે કંઈ ઉમેરવા જેવું કે સુધારવા જેવું રહેતું નથી એવી ધારણા પણ હોય! બીજાં પણ કારણો હોઈ શકે જે અહીં રજૂ કરવાં યોગ્ય નહીં ગણાય. જે હોય તે.

શ્રી રમેશભાઈ ઓઝાના વિચારો થકી મારા મનમાં જે વિચારો જાગ્યા તે, 'ન બાળદીક્ષા, ન સગીરદીક્ષા, સૌથી મોટું દૂષણ છે અયોગ્ય દીક્ષા' એ શીર્ષક નીચેના લેખમાં મેં ઊતાર્યા હતા. એ મામૂલી ફેરફારો સાથે અહીં *જય જિનેન્દ્ર*ના વાચકો સમક્ષ સાદર છે. શ્રી રમેશભાઈના આર્ટીકલ દ્વારા, ગુનાનો ભોગ બનનાર ગુનેગાર હોય એવી છાપ ઊભી થતી હતી (બાળદીક્ષા અને જૈનો : અનિષ્ટનો અસ્વીકાર અને ઇષ્ટનો સ્વીકાર એ જ ધર્મ... લેખક : શ્રી રમેશભાઈ ઓઝા, દિવ્ય ભાસ્કર, તા. ૬.૧૦.૨૦૦૩) તે દૂર કરવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે. છાપામાં છપાયેલી વાતોથી કોઈ વ્યક્તિ ગેરરસ્તે ન દોરવાય તે જોવાની જવાબદારી જવાબદાર લેખકની અને સાથોસાથ લેખ પ્રકાશિત કરનાર જવાબદાર વર્તમાનપત્રની પણ બને જ છે.

*ગુનાનો ભોગ બનનાર ગુનેગાર ન ઠરે તે જોવાની દરેક જવાબદાર લેખકની નૈતિક જવાબદારી ગણાય*

# ન બાળદીક્ષા, ન સગીરદીક્ષા, સૌથી મોટું દૂષણ છે અયોગ્ય દીક્ષા

વિદ્વાન કટારલેખક શ્રી રમેશભાઈ ઓઝાને હું વરસોથી વાંચું છું. મુંબઈમાં મારો વિહાર હતો એ સમયગાળામાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવા તંત્રી શ્રી હસમુખ ગાંધીના તંત્રીપદે નીકળતા 'સમકાલીન' દૈનિકમાં શ્રી રમેશભાઈને સેંકડોવાર વાંચ્યા છે અને એમની વિદ્વત્તાપૂર્ણ અને સંતુલિત લેખિની બદલ હંમેશાં આદરની લાગણી થઈ છે.

હમણાં બાળમુનિ સંબંધિત એક પ્રકરણમાં શ્રી રમેશભાઈએ જે વિચારો રજૂ કર્યા છે (દિવ્ય ભાસ્કર, આજની વાત : તા. ૬.૧૦.૨૦૦૩) તેમાં કેટલા મુદ્દાઓ અંગે મારા વિચારો રજૂ કરવાની લાલચ રોકી શકતો નથી.

રમેશભાઈએ 'આજની વાત'માં બાળદીક્ષાને મુખ્ય મુદ્દો બનાવ્યો છે. હકીકત એ છે કે જે પ્રકરણને નિમિત્ત બનાવીને એમણે આર્ટીકલ લખ્યો છે તે પ્રકરણમાં બાળદીક્ષિત મુનિ તો ભોગ બન્યા છે. તેમને ભોગ બનાવનાર બાળદીક્ષિત નથી. અહીં જાણે અજાણે ગુનાનો ભોગ બનેલ ગુનેગાર ઠરે છે.

*ઘણી વાર તો કૌભાંડો બહાર પડ્યા પછી છેક છ મહિને 'મેનેજ' કરીને કૌભાંડો છાવરનારની મહેરબાનીથી છાપાના એક ખૂણે ચોખવટો છાપી મારે છે!*

મારા પાંત્રીસ વરસના દીક્ષાજીવનમાં મેં સાધુસંસ્થાને ખૂબ નજીકથી જોઈ છે અને એમાંથી જે તારણ મેં કાઢ્યું છે તે એ છે કે છેલ્લાં વરસોમાં જૈન મુનિઓનાં જેટલાં કૌભાંડો (સેક્સ્યુઅલ, આર્થિક અને અન્ય) બહાર આવ્યાં છે તેમાં જેનાં જેનાં નામો બહાર આવ્યાં હતાં તેમાંથી બાળદીક્ષિતો અને નૉન-બાળદીક્ષિતોનો રેશિયો ૧૦:૯૦નો હતો. મતલબ કે કૌભાંડો આચરનારાઓમાંથી નેવુ ટકા જેટલા સાધુવેષધારીઓ બાળદીક્ષિતો નહોતા. એ નેવુ ટકામાં કેટલાક તો ભુક્તભોગી પણ હતા અને કેટલાક યુવાવયે કે પ્રૌઢવયે સાધુ બનનારા પણ હતા. થોડાં વરસો અગાઉ સેક્સકૌભાંડના કારણે મુંબઈમાંથી જેમને ચાલુ ચોમાસામાં પોલીસની મદદ અને લાગવગથી ભાગવું પડ્યું હતું તેનાથી માંડીને છાપે ચડેલા, નહીં ચડેલા અને છાપે ચડ્યા પછી પત્રકારધર્મ ચૂકેલા હૈયાફૂટા, ધનલોભી અને લાલચુ સંપાદકોની મહેરબાનીથી (પત્રકારો પણ ક્યારેક ચોરને બદલે તેને પકડનારને કેવી રીતે દંડે છે એ વિશે ક્યારેક વિગતવાર લખવું છે.) નિર્દોષતાનું પ્રમાણપત્ર પામેલા એવા સાધુત્વવિહોણા સાધુવેષધારીઓમાંથી બાળદીક્ષિતો તો ૧૦ ટકાથીયે ઓછા હતા.

આ પાર્શ્વભૂમિમાં હવે પાયાનો સવાલ વિચારીએ. કેવા પ્રકારની દીક્ષાઓ થતી અટકાવવી જોઈએ? હું સ્પષ્ટ રીતે કહેવા માગું છું કે અયોગ્ય દીક્ષાને વહેલામાં વહેલી તકે અટકાવી દેવી જોઈએ.

પાંત્રીસ વરસના મારા જાત અનુભવે મેં કેટલાંક તારણો કાઢ્યાં છે તે મુજબ હું દીક્ષા લેનાર અને આપનારાઓનું ચાર વિભાગોમાં વર્ગીકરણ કરૂં છું.

૧. યોગ્ય ગુરુ પાસે યોગ્ય દીક્ષા,
૨. યોગ્ય ગુરુ પાસે અયોગ્ય દીક્ષા,
૩. અયોગ્ય ગુરુ પાસે યોગ્ય દીક્ષા અને
૪. અયોગ્ય ગુરુ પાસે અયોગ્ય દીક્ષા.

દીક્ષા આપનારા ગુરુ યોગ્ય હોય અને લેનાર પાત્ર (પછી તે બાળક હોય કે નૉન-બાળક) પણ યોગ્ય હોય તો એ દીક્ષા આપોઆપ દીપી નીકળે છે. આવા દીક્ષિતો સ્વકલ્યાણ કરવા સાથે સમાજની પણ ઘણી મોટી સેવા કરે છે. આજના ગુજરાતનું આટલું ડહોળાયેલું વાતાવરણ છતાં ગુજરાતના લોકોમાં ભાઈચારો, શાન્તિ, સૌહાર્દ અને પ્રેમની જે લાગણી દેખાય છે તે ગુજરાતના પનોતા પુત્ર હેમચંદ્રાચાર્યને આભારી છે એવું સ્વીકારવાની ના કોણ કહી શકશે. યોગ્ય ગુરુ અને યોગ્ય શિષ્યનો સમન્વય થાય તો કેવાં મધુર પરિણામો આવે એના સેંકડો દાખલા જૈન મુનિઓ અને હિન્દુ સંન્યાસીઓના જીવનરૂપે મળી આવશે. સોનામાં સુગંધ ભળે તે આનું નામ.

બીજા વર્ગીકરણમાં ગુરુ તો યોગ્ય હોય પણ શિષ્ય જ અયોગ્ય અને કુપાત્ર હોય તો એમાં સાક્ષાત ભગવાન પણ કંઈ ન કરી શકે. આવા ગુરુનાં ચરણોમાં દીક્ષા લેનારની પ્રકૃતિ જ મૂળભૂત રીતે અયોગ્ય હોય તો સોનાના પાત્રમાં મૂત્ર ભરવા જેવી વાત બને. ભગવાન મહાવીરના શાસનમાં થયેલા અને નિહ્નવો તરીકે ઓળખાવાયેલા એવા સાધુઓ બીજી બધી રીતે ખૂબ સક્ષમ, શાસનની ભારે સેવા બજાવનારા અને પ્રજાનું ભારે હિત કરી શકવાની અસાધારણ ક્ષમતાવાળા હતા. તેમ છતાં યોગ્યતાના અભાવે જ આવા સાધુઓને તત્કાલીન જૈન સંઘ દ્વારા સંઘમાંથી નિષ્કાષિત કરવામાં આવ્યા હતા.

બહુ ઓછા કિસ્સાઓમાં બની શકે, પણ બની શકે તો ખરૂં જ કે ગુરુ સદંતર અયોગ્ય હોય પરંતુ તેનાં ચરણોમાં દીક્ષા લેનાર પોતે ખૂબ જ યોગ્ય હોય. ગાંડા બાવળથી ઘેરાયેલા ઘોર અને બિહામણા વગડામાં પણ ફૂલોનાં છોડ ક્યાં નથી ખીલી નીકળતાં! જૈન કાવ્યોમાં એક સુંદર કલ્પના ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે : 'ખારા દરિયામાં મીઠી વીરડી.' આ કહેવત અયોગ્ય ગુરુને જીવન સમર્પિત કરનારા સુયોગ્ય શિષ્યને લાગુ પડે છે.

*'પદવી માટે શિષ્ય જરૂરી છે' એ સિદ્ધાંતને તો યાદ રાખવામાં આવે છે પરંતુ 'અયોગ્ય સાધુને પદવી ન આપવી જોઈએ' એ સિદ્ધાંતને સગવડ પૂર્વક ભૂલી જવામાં આવે છે.*

અને છેલ્લે, અયોગ્ય ગુરુ અને અયોગ્ય શિષ્ય. ભગવાન કરે ઈન લોગોં કે સે કભી પાલા ન પડે! આવા લોકો એટલે પેલી કથામાં આવે છે તેમ, 'તે સાધુ તે શ્રાવિકા, તું વેશ્યા હું ભાંડ; તારા મારા પાપથી તો પથ્થર પડશે રાંડ.' આવા 'કૉમ્બિનેશન'ની મીમાંસા કરીને આપણે આપણો

*'તે સાધુ તે શ્રાવિકા, તું વેશ્યા હું ભાંડ; તારા મારા પાપથી તો પથ્થર પડશે રાંડ.' આવા 'કૉમ્બિનેશન'ની મીમાંસા કરીને આપણે આપણો સમય વેડફીએ એનો કોઈ અર્થ નથી.*

સમય વેડફીએ એનો કોઈ અર્થ નથી. અખો યોગ્ય રીતે જ કહી ગયો છે : લોભી ગુરુ અને લાલચુ ચેલા, જ્યાં જુઓ ત્યાં ઠેલંઠેલા...

માફ કરજો રમેશભાઈ, પણ સવાલ બાળદીક્ષાનો નથી. સવાલ અયોગ્ય દીક્ષાનો છે. જોડો પહેરે એને ખબર પડે કે એ ક્યાં ડંખે છે. પાંત્રીસ વરસથી ડંખતા જોડાનો કદાચ મને વધુ સારો(!) અનુભવ છે.

ટૂંકમાં, દીક્ષા લેનારની પાત્રતા અને અપાત્રતા એ આવી રીતે ઉપસ્થિત થતી સમસ્યાઓમાં સૌથી મોટું પરિબળ બની રહે છે, નહીં કે તેમની વય.

*બધા પત્રકારો પણ કંઈ દૂધે ધોયેલા નથી હોતા. તેઓ પણ ક્યારેક ચોરને બદલે તેને પકડનારને દંડે છે.*

મોટી વયે દીક્ષા લેનારાનાં કૌભાંડો તો ખૂબ મોટાં હોય છે, પણ એમની ચાલાકીના કારણે એમાંનાં ઘણાંખરાં બહાર નથી પડતાં એટલું જ. નાની વયે દીક્ષા લેનારાનાં કૌભાંડો એટલા માટે બહાર પડી જાય છે કે તેઓ દુનિયાદારીનો અનુભવ ન હોવાથી 'મેનેજ' કરવામાં કાચા પડે છે અને એક ભૂલને ઢાંકવા જતાં વધારે મોટી ભૂલ કરી બેસે છે. ઘણી વાર તો કૌભાંડો બહાર પડ્યા પછી છેક છ મહિને 'મેનેજ' કરીને કૌભાંડો છાવરનારની મહેરબાનીથી છાપાના એક ખૂણે ચોખવટ છાપી મારે છે! એ વખતે, અમે તો બોયાં ય નથી ને ચાયાં ય નથી જેવી એમની ચોખવટોને કોઈ સીરિયસલી લેતું નથી અને કળા કરતા મોરની પૂંઠ જોઈને 'શાણા' માણસો મૂછમાં હસતા હોય છે! આ બધી બાબતો સરવાળે તો અયોગ્ય દીક્ષાઓમાંથી જ ઉદ્ભવે છે.

તો પછી અયોગ્ય દીક્ષાઓ થાય છે કેમ? આવી અયોગ્ય દીક્ષાઓ માટે જવાબદાર કોણ? એ બધા પ્રશ્નો ગંભીર વિચારણા માગી લે છે. તેનું તદ્દન નિખાલસ ચિંતન કરવું જરૂરી છે પણ એ પહેલાં એટલું તો કરીએ જ કે દીક્ષાને વય સાથે નહીં, પાત્રતા સાથે જોડીએ.

હવે એ જોઈએ કે અયોગ્ય દીક્ષાઓ થાય છે શા માટે?

દુનિયાનાં બધાં ક્ષેત્રોમાં જે નિયમ લાગુ પડે છે તે જ નિયમ ધર્મક્ષેત્રમાં પણ લાગુ પડે છે. દાખલારૂપે રાજકારણને લઈએ. એમાં સારૂં કરનારા અને ખરાબ કરનારા કોણ છે? યોગ્ય કે અયોગ્ય માણસો જ. દેશની ખાનાખરાબી કરવામાં કોઈ ચોક્કસ વયજૂથના લોકોનો ફાળો નથી. તેમ દેશનું ભલું કરનારા લોકોમાં પણ કોઈ ચોક્કસ વયજૂથના લોકોનો ફાળો નથી. મુંબઈ પ્રાંત વખતે મોરારજીભાઈને જે ગાદી મળી હતી તે જ ગાદી બિહારમાં લાલુપ્રસાદને મળી છે. એ જ બંધારણ, એ જ સત્તા, એ જ બહુમતી. પણ બન્નેના વ્યવહારમાં જે અંતર છે તે તેમની યોગ્યતાને આભારી છે. ડાકુના હાથમાં રહેલી છુરી અને ડૉક્ટરના હાથમાં રહેલી છુરી. એક જીવ લઈ શકે અને બીજી જીવ બચાવી શકે.

ધર્મક્ષેત્રમાં જે સારાનરસા બનાવો બને છે એમાં સાધુસંસ્થાનો ફાળો ઘણો મોટો હોય છે. સાધુસંસ્થાના હાથે ઘણાં સારાં સારાં કામો ય થાય છે અને તેના હાથે ઘણાં ખોટાં કામો ય થાય છે. આજના હિંદુસમાજમાં કેટલાય મોટા મોટા સાધુઓ સામે ઇન્ડિયન પીનલ કૉડ મુજબ કામ ચાલી રહ્યું છે એ શું સૂચવે છે? જમીનોનું દબાણ, બળાત્કાર, ખૂન, આશ્રમોની ઓથે વ્યભિચાર વગેરે કેટલાયે બનાવોમાં સાધુઓની સંડોવણી જોવા મળે છે. આના મૂળમાં જઈએ તો મોટામાં મોટું કારણ, જે તે વ્યક્તિની અયોગ્યતા જ છે. હમણાં ચીલીની નામદાર કોર્ટે એક ક્રિશ્ચિયન પાદરીને જેલની સજા ઉપરાંત અ..ધ..ધ.. રોકડ રકમનો દંડ પણ કર્યો તે બનાવ આ સંદર્ભમાં જોવો જોઈએ. ક્રિશ્ચિયનોમાં બાળદીક્ષા નથી. સૌથી આધુનિક ગણાતા ક્રિશ્ચિયન સમાજના ભણેલા ગણેલા વિદ્વાન પાદરી 'ચાઈલ્ડ એબ્યુઝ' કરે એ કેવી બેહુદી બાબત છે?

*અયોગ્ય દીક્ષાઓનાં એકથી વધુ કારણ છે અને આમાંનાં મોટા ભાગનાં કારણો જૈનોએ પોતે જ ઊભાં કરેલાં છે.*

જૈનધર્મની સાધુસંસ્થામાં પ્રવેશેલાં દૂષણો તરફ આપણી ચર્ચાનું સુકાન ફેરવતાં પહેલાં આટલી પૂર્વભૂમિકા સમજી લીધી હશે તો તે આપણને ખૂબ ઉપયોગી નીવડશે એમ મને લાગે છે.

હવે મૂળ વાત તરફ વળીએ.

વ્યક્તિ સામાન્ય રીતે દીક્ષા લે છે ત્યારે એમ માની લેવામાં આવે છે કે તેને આત્મકલ્યાણની ઝંખના જાગી છે માટે તે તેમ કરે છે. જૈનધર્મમાં દીક્ષા એ અતિ ગંભીર બનાવ છે. સો વરસ પૂર્વે જૈન સંઘમાં એક હથેલીના વેઢા વધી પડે એટલા જ સાધુઓ હતા. ઓછા સાધુ હતા માટે એ ખરાબ સમય હતો એ વાતમાં માલ નથી. અત્યારે જૈન સાધુ-સાધ્વીઓની સંસ્થા દસ હજારની સંખ્યાને આંબી ગઈ છે એનો અર્થ પણ એવો તો નથી જ કે આજે જૈન સંઘ માટે ખૂબ સારો સમય આવી ગયો છે.

આત્મકલ્યાણની સાથે પરકલ્યાણની ભાવનાને વરેલી જૈન સાધુસંસ્થામાં આવું કેમ બને છે એ અંગે ખુલ્લા દિલે વિચાર કરવો જોઈએ. એટલું જ નહીં, જે દૂષણો પ્રવેશ્યાં છે તેને નાબૂદ કરવા માટે જૈન આગેવાનોએ જ આગળ આવવું જોઈએ. અગાઉ કહ્યું તેમ, મોટા ભાગનાં દૂષણોનું પ્રધાન કારણ અયોગ્ય દીક્ષાઓ છે.

તો પછી આવી દીક્ષાઓ થાય છે શા માટે?

આવી અયોગ્ય દીક્ષાઓનાં એકથી વધુ કારણ છે અને આમાંનાં મોટા ભાગનાં કારણો જૈનોએ પોતે જ ઊભાં કરેલાં છે. એમ કહી શકાય કે આ એક પેટ ચોળીને ઊભું કરેલું શૂળ છે. ઊતાવળે જે કેટલાંક કારણો સૂઝી આવે છે તે આ છે :

૧. એકલવિહારી સાધુનો તિરસ્કાર.
૨. ટોળાંધારી સાધુઓથી અંજાઈ જવાની વૃત્તિ.
૩. સાધુઓને પોતાને પરિવાર વધારવાની અંગત લાલસા.
૪. સાધુઓને પદવીની જરૂરિયાત.
૫. મજબૂરીનાં કારણોસર થતી દીક્ષા.

આ મુખ્ય કારણો ઉપરાંત બીજાં પણ અગણિત કારણો છે જેનાથી સાધુસંસ્થામાં અયોગ્ય પાત્રોની ભરતી થયા જ કરે છે.

આ મુદ્દાઓને ખુલ્લા દિલે અને નિખાલસતાથી સમજવા પડશે.

૧. સામાન્ય રીતે જૈનોનો મોટા ભાગનો વર્ગ એવું માને છે કે એકલો સાધુ એ જૈન સમાજનું સૌથી મોટું દૂષણ છે. સત્તામાં અંધ બનેલા જૈન સંઘના ટ્રસ્ટીઓ ઉપાશ્રય જાણે તેમની સુવાંગ માલિકીનો હોય તે રીતે તેમાં બોર્ડ મૂકે છે : 'અહીં એકલા સાધુને ઊતરવાની મનાઈ છે.' સાધુ શા માટે એકલો પડે છે એ જાણવાની

**અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપર**

# પીઠ :

## જગતી પર દેરાસરની મુખ્ય રચના માટેનો મંચ

લેખાંક : ચાર
■ કુ. ચૈતાલી શાહ

અગાઉના એક લેખમાં આપણે દેરાસરની જગતીની વાત કરી હતી.

દેવપ્રાસાદના ઉદયદર્શનમાં જગતી ઉપર પીઠની રચના કરવામાં આવે છે. જગતી એ સમગ્ર દેરાસર માટે એક ઓટલો - મંચ બનાવે છે. આ ઓટલામાં પ્રદક્ષિણા પથનો સમાવેશ થઇ જાય છે. આ જગતી પર પીઠની રચના એટલા માટે કરવામાં આવે છે કે જેથી દેરાસરના વિવિધ મંડપ તથા ગર્ભગૃહનું તળ વધુ સ્પષ્ટ રીતે નિર્ધારિત થાય છે. વળી પીઠ થકી સામાન્ય અવરજવરથી દેરાસરનું મુખ્ય દેવસ્થાન આભડછેટથી પણ અલિપ્ત રહી શકે.

પીઠની રચનાથી દેરાસર માટે મંચ ઉપર મંચ બનાવાયો હોય તેવું દૃશ્ય રચાય છે. આમાં નીચેની જગતી વડે નિર્ધારિત થતા મંચ કરતાં પીઠ વડે નિર્ધારિત થતા મંચની ઊંચાઇનો ગુણોત્તર મહત્ત્વનો છે. સામાન્ય સમજ પ્રમાણે પણ જે આધાર આપે તે આધારિત કરતાં દૃશ્ય-અનુભૂતિમાં પણ વધુ સક્ષમ હોવું જોઇએ. એટલા માટે જ જગતીની ઊંચાઇ કરતાં પીઠની ઊંચાઇ વધુમાં વધુ અડધી જોવા મળે છે. પણ જો આ ઊંચાઇ ચોથા ભાગથી ત્રીજા ભાગ સુધીની જ હોય તો વધુ યોગ્ય ગણાય છે. કનિષ્ઠ પ્રકારની પીઠમાં તેની ઊંચાઇ જગતીની ઊંચાઇ કરતાં છઠ્ઠા ભાગની હોય છે. સાંપ્રત સમયમાં બનાવાતાં ઘણાં દેવસ્થાનોમાં તો પીઠ તરીકે એક પગથિયું માત્ર જ હોય છે અને કેટલાકમાં તો એ પણ નથી હોતું.

પીઠ થકી જ દેવપ્રાસાદને જરૂરી ઊંચાઇ મળી રહે છે.

વાસ્તુશાસ્ત્રમાં પીઠના ત્રણ પ્રકાર કહ્યા છે. મહાપીઠ, કામદપીઠ તથા કર્ણપીઠ. મહાપીઠ એ સૌથી વિસ્તૃત પીઠ છે. જેમાં પહેલા થરમાં જાડંબો, બીજા થરમાં કર્ણિકા અને તેના પર અંતરાલ છજ્જી તથા ગ્રાહપટ્ટી હોય છે. આ ગ્રાહપટ્ટી એટલે કે મગરમચ્છ અંકિત થરની ઉપર ગજથર, પછી અશ્વથર અને નરથર આવે છે. કેટલીક મહાપીઠમાં ગજથર કે અશ્વથર બાકાત રખાય છે. જ્યારે અન્ય મહાપીઠમાં રથથર પણ બનાવાયેલાં છે. ત્યારબાદની કામદપીઠ કે જે પાંચથરૂ તરીકે પણ ઓળખાય છે, તેમાં ભિટ્ટ, કર્ણિકા, અંતરાલ, છજ્જી તથા ગ્રાહપટ્ટી એમ પાંચ થરો બનાવાય છે. આની સરખામણીમાં કર્ણપીઠ એ સૌથી નાની પીઠ છે અને તેમાં જાડંબો અને કર્ણિકા એમ બે જ થર બનાવાય છે.

બાંધકામની દૃષ્ટિએ જગતી જેમ સમગ્ર દેવપ્રાસાદનું વજન જમીન પર પ્રસારી દે છે તેમ પીઠ મંડોવર તથા શિખરનું વજન જગતી પર પ્રસારે છે. તેની રચના અલગ અલગ થરથી થતી હોવાથી તે થર એકબીજા પર સરકી ન જાય તે માટે તેને એકબીજા સાથે ખાંચ-ઉપસવાળી રચનાથી કે તાંબાની ક્લીપથી જડી દેવાય છે. આવી રચનાથી પથ્થર તેના સ્થાનેથી સરકી જતા નથી અને ધરતીકંપના સમયે પણ કે જ્યારે મકાન પર આડું બળ લાગે છે ત્યારે પણ દેરાસર ટકી રહે છે.

સામાન્ય રીતે પીઠની રચનામાં તેની ધાર પર બેથી ચાર ફૂટ પહોળી દિવાલ બનાવાય છે, જેની બહારની ધાર પર જે તે કોતરણી કંડારાય છે. પછી વચમાં વધેલી જગ્યામાં જગતીની જેમ ચૂના-પથ્થરનું મિશ્રણ ભરી દેવાય છે. જો કે પૂરાણની ઉપર ફરસ તરીકે આરસ કે અન્ય કોઇ પથ્થરો જડાય છે. આ ફરસ માટે પથ્થરો જડાયા બાદ પીઠની જે ઊંચાઇ આવે તે તેની ઊંચાઇ ગણાય.

જગતીથી દેરાસરના દેવસ્થાને જવા માટે પીઠની ઊંચાઇ પ્રમાણે પગથિયાં બનાવાય છે. જગતીમાં આવેલાં પગથિયાં સામાન્ય રીતે ચારે તરફથી આવતા માનવીઓને આકર્ષવા ચો-મુખ બનાવાય છે જ્યારે પીઠનાં પગથિયાં દેરાસરની મુખ્ય ધરી અનુસાર રેખાકીય ગોઠવાય છે, કારણ કે એક વાર જગતીના મંચ સુધી ચઢ્યા પછી માનવપ્રવાહ દેવ ભણી સીધો જ જાય છે.

દેવપ્રાસાદના અન્ય અંગોની જેમ પીઠ પણ પરંપરાગત તેમ જ શાસ્ત્રીય અંગ છે. તેની રચના પાછળ સ્વાભાવિક કારણ કરતાં મનોવૈજ્ઞાનિક તથા આધ્યાત્મિક કારણો વધુ પ્રબળ છે. આ પીઠ થકી જ દેવપ્રાસાદને જરૂરી ઊંચાઇ મળી રહે છે.



*ઘણીવાર દેરાસરના ગર્ભગૃહની દિવાલની બહારની કોતરણી એ રીતે કરવામાં આવે છે કે પીઠ મંડોવર સાથે મળી જાય.*

### જય જિનેન્દ્ર પરિવાર તરફથી સૌ વાચકોને

# નૂતન વરસનાં અભિનંદન, જરા હટકે

નવું વરસ આપ સૌ માટે આનંદમંગલના સમાચારો લાવનારૂં બની રહે એવી પ્રાર્થના અમે આપના વતી પરમપિતા પરમેશ્વરને - જે આકાશમાં કોઈક સ્થળે હોવાનું કહેવાય છે તેને - આપની પાસેથી કોઈ પણ જાતનું મૂલ્ય લીધા વિના કરીએ છીએ. આ તો શું છે કે આજકાલ પંડિતો તમારા વતી જે ક્રિયાકર્મ કરે તેના પૈસા તમારે ચૂકવવા પડતા હોય છે એટલે આટલી ચોખવટ કરી. અમે એ રીતે વ્યવહારમાં ચોખ્ખા. 'સ્કીમ'ની ભાષામાં કહેવું હોય તો 'આ મહિનાના જય જિનેન્દ્ર સાથે અમારા તરફથી પ્રાર્થના મફત!'

હાં તો નવા વરસમાં તમારા જીવનમાં આનંદ આનંદ થઈ રહે એ માટે, અમે, તમારા વતી, અમને જેવી આવડી એવી પ્રાર્થના ભગવાનનાં ચરણોમાં કરી છે તે કંઈક આવી છે :

નવા વરસમાં તમારે ઇન્કમટેક્સ ઓફિસરનું તેડું ન આવે એવું અમે પ્રભુને ખાસ કહ્યું છે. જો તમારા ઘરે કોઈ 'ખાસ કૌભાંડ' નામના સમુદ્રમાંથી અવતરેલી શ્યામલા લક્ષ્મી હોય અને તમારે એક કે તેથી વધુ દીકરી પણ હોય જે પરણવા લાયક થઈ ગઈ હોય અને જો તમને ઇન્કમટેક્સ ઓફિસરનું તેડું આવી જાય તો તમે ગભરાતા નહીં, કારણ કે એ તમારો વેવાઈ બનવા માગે છે એમ સમજી લેજો.

અમે અત્યાર સુધી બાહુબળીનું બળ, ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ, અભયકુમારની બુદ્ધિ અને કયવન્ના શેઠનું સૌભાગ્ય અને એવું બધું સારૂં સારૂં તમને મળે એવી પ્રાર્થના દર વરસે કરતા હતા, પણ ભગવાને આટલાં વરસમાં તમારી સામે ન જોયું તે ન જ જોયું. ભગવાનનું ફરી ગયું છે કે તમને બાહુબલી જેવું બળ આપી દે? ભગવાન પણ આપણા અટલબિહારીજી જેવા જ દયાળુ છે. તેને ય એટલી ખબર તો હોય જ ને કે જેના પાડોશમાં પાકિસ્તાન જેવો દેશ હોય તેને બાહુબળીનું બળ ન આપી દેવાય! આપી દઈએ તો બાજપાયીજી સિવાય એનું બચાડાનું કોણ?

તો... આટલાં વરસ સુધી માગી માગીને થાકી ગયા પણ એ બધી 'સિલેક્ટેડ' આઇટમો ન મળી તે ન જ મળી. આથી આ વરસે અમે તમારી માટે માગણીઓનું લિસ્ટ બદલ્યું છે.

આ વખતે અમે તમારી માટે કરેલી ખાસ પ્રાર્થનાઓમાં થોડા ફેરફારો કરી નાખ્યા છે. ભગવાન બડા કરામાતી હૈ. આ વખતની અરજી કદાચ પાસ થઈ પણ જાય!

આઈ. ટી. ઓફિસરનું તો જાણે પતી ગયું. આ વરસમાં નાઈન-ઈલેવન જેવી કોઈ ઘટનાના યોગ છે કે નહીં તેની ઓસામા બિન લાદેન સિવાય કોઈનેય ખબર નથી. જો કે પરવેઝ મુશર્રફને કદાચ હોઈ શકે છે. પણ જો એવું કંઈ બને તો નવા આ વરસમાં ભગવાન તમને એ બિલ્ડિંગથી યોજનો દૂર રાખે જેમાં 'નાઈન-ઈલેવનવાળી' થવાની હોય. ખાસ કરીને એટલા માટે, કે એવું બન્યા પછી તમને ફરી પાછું પેલું 'આરપારની લડાઈ'વાળું સ્લોગન તો સાંભળવા મળે, સાથોસાથ તમને 'ક્ષમા વીરસ્ય ભૂષણં'ની કહેવત પણ યાદ આવે. શાસકોની ઉદારતા જોવા માટે જીવતા રહેવું જરૂરી છે અને એ માટે ભગવાનને પ્રાર્થના કરવી તે એથીયે વધુ જરૂરી છે.

> *અમે અત્યાર સુધી બાહુબળીનું બળ, ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ, અભય-કુમારની બુદ્ધિ અને કયવન્ના શેઠનું સૌભાગ્ય અને એવું બધું સારૂં સારૂં તમને મળે એવી પ્રાર્થના દર વરસે કરતા હતા, પણ ભગવાને આટલાં વરસમાં તમારી સામે ન જોયું તે ન જ જોયું. ભગવાનનું ફરી ગયું છે કે તમને બાહુબલી જેવું બળ આપી દે? ભગવાન પણ આપણા અટલબિહારીજી જેવા જ દયાળુ છે. તેને ય એટલી ખબર તો હોય જ ને કે જેના પાડોશમાં પાકિસ્તાન જેવો દેશ હોય તેને બાહુબળીનું બળ ન આપી દેવાય! આપી દઈએ તો બાજપાયીજી સિવાય એનું બચાડાનું કોણ?*

નવા વરસમાં લાલુજી તમને આનંદ-પ્રમોદ કરાવવામાંથી નહીં જ જાય એની અમને પાકી ખાતરી હોવાથી અમે એ અંગે કોઈ ખાસ પ્રાર્થના કરવાની જરૂરત જોતા નથી.

હા, નવા વરસમાં તમને જો મોકો મળી જાય તો એકાદી 'ધરમની' બહેન જરૂર બનાવજો, પણ એમાં યાદ એટલું જ રાખવાનું કે એ માયાવતી જેવી સદ્ધર હોય. આવી બહેન પડખે હોય તો એક રાખડીની સાથેસાથે ઘણું બધું મળી શકે છે. પૂછી જુઓ બડે ભૈયા લાલજી ટંડનને!

તમારી માટે ભગવાન પાસે અમારી એક ખાસ પ્રાર્થના એવી છે કે નવા વરસમાં મોબાઈલ અને લાઈટનાં બિલ ભર્યા પછી પણ તમારા ખીસામાં કંઈક બચે. તમારાં બાળકોને સ્કૂલમાં દાખલ કરવા માટે તમારી પાસે કંઈ બચશે નહીં તો તમે સ્કૂલ(ના સંચાલકો)ને ડોનેશન ક્યાંથી આપી શકશો?

નવા વરસમાં જેને હડતાલો પાડવી હોય તે ભલે પાડે. ભગવાન એમની ઇચ્છા પણ ભલે પૂરી કરે. ભગવાનને વિનંતી એટલી જ કે એ હડતાલના કારણે તમારી જિંદગીના તાલ ખોરવાઈ ન જાય, બસ. નવા વરસમાં જો તમે (ભારતીય) રેલ્વેમાં પ્રવાસ કરવાના હો તો વીમો ઊતરાવી લેવાનું ભૂલશો નહીં, કારણ કે અકસ્માત ન થવા દેવા એ હવે ભગવાનના હાથમાં રહ્યું નથી અને નીતીશકુમારને હમણાં રેલ્વે અંગે ચિંતા કરવાનો સમય નથી. લોકસભામાં રહેવાનું એમનું આ છેલ્લું વરસ હોવાથી એ તમારી સલામતીની ચિંતા કરે કે પોતાની સલામતીની ચિંતા કરે! ઇચ્છા તો એવી જ છે કે નવા વરસમાં તમને કોઈ બિમારી ન આવે પણ કદાચ કોઈ બિમારી આવી જ પડે તો કોઈ નામાંકિત ડૉક્ટર પાસે સારવાર લેવા 'છતાં' તમે હેમખેમ બચી જાવ એવી ખાસ પ્રાર્થના ભગવાનનાં ચરણોમાં રજૂ કરી છે. ખાસ તો એટલા માટે કે તમારા એ ડૉક્ટરનેય તાજ્જુબી થાય કે મારી લખેલી દસમાંથી કઈ દવા આને લાગુ પડી ગઈ હશે કે મારો (બેટ્ટો) આ પેશન્ટ સાવ સાજો થઈ ગયો! અને ટ્રાફિક પોલીસ, પીયુસીની કાબરચીતરી ગાડીમાં બેઠેલો કંટ્રોલર, આર.ટી.ઓ. ઑફિસર, લાઇસંસો, પરવાનાઓ, પરમીટો જારી કરવાની સત્તા ધરાવનારા અધિકારીઓ અથવા જેમની સાથે તમારે રોજેરોજ કામ પાડવું પડતું હોય એવું કોઈ પણ સરકારી તંત્ર, આ બધાંની ઝપટે ચડ્યા પછી પણ તમારાં ખીસાં વજનદાર રહે અને 'છતાં' તમારી ફાઈલ આગળ પણ વધે એવી પરમપિતાને નવા વરસમાં પ્રાર્થના.

આ વરસમાં પણ તમને પાકિસ્તાન સામેની ગર્જનાઓ નિરંતર સાંભળવા મળ્યા કરે એવી પ્રાર્થના કર્યા વિના તો બધી જ પ્રાર્થનાઓ અધૂરી જ ગણાય! તો હાકોટા, પડકારા અને આરપારની લડાઈનાં એલાન સાંભળવા માટે આ વરસમાં પણ તમે તૈયાર રહેજો એવી શુભકામના.

**અનુસંધાન પૃષ્ઠ ૩નું ચાલુ...**

તસ્દી કોઈ ઉઠાવતું નથી. ગંભીર કારણવશ એકલા પડેલા સાધુને મૂર્ખ જૈનો દ્વારા થતી પોતાની સામાજિક માનહાનિ અને સતામણીની સારી રીતે ખબર હોય છે. તેને એ પણ ખબર હોય છે કે પોતે ઉપાશ્રયમાં ઊતરી શકશે નહીં. હવે તે શું કરે? શું તેણે મરી જવું જોઈએ? અમદાવાદમાં બનેલો સાચો કિસ્સો છે. એક વયોવૃદ્ધ સાધુ એકલા પડી જવાથી મદાંધ ટ્રસ્ટીઓ દ્વારા એમનો એટલો બધો અનાદર થયો કે તેમણે અમદાવાદના શાહપુરની એક પોળના કૂવામાં પડી જઈને આપઘાત કરવો પડ્યો હતો. દુરાચારી સાધુઓની ભાટાઈ કરનારા ટ્રસ્ટીઓ આવા સાધુઓના મુદ્દે કસાઈની ભૂમિકા ભજવતાં પણ અટકતા ન હોય ત્યારે શું બને? ત્યારે એવું બને કે પેલા એકલા પડી ગયેલા સાધુને એમ થાય કે એકથી બે ભલા. હવે સાધુઓ કંઈ આકાશમાંથી તો ટપકતા નથી. પછી તે સાધુ શિષ્યની ખોજ કરવા નીકળે. ગરજ હોય ત્યારે જે મળે તે શિષ્ય કેવો હોય તે કહેવાની કોઈ જરૂર રહે છે ખરી? આમ અયોગ્ય દીક્ષા દ્વારા જૈન સમાજમાં એક નબીરાનો ઉમેરો થાય. આને માટે જવાબદાર કોણ? સ્પષ્ટપણે જૈન સમાજ પોતે જ. જૈન સિદ્ધાંતોની સમજણ વિનાના અને બુદ્ધિના બ્રહ્મચારી જૈનોના નવ્વાણુ પોઈન્ટ નવ નવ જૈનોને એ ખબર હોતી જ નથી કે ત્રણથી ઓછાં સાધ્વીજીઓને પણ વિચરવાની જૈન સિદ્ધાંતોમાં ચોખ્ખી મનાઈ છે. પરંતુ જો બે સાધ્વીજીઓ વિહાર કરીને આવે તો કોઈ જૈનો બચ્ચો ક્યારેય એવું પૂછતો નથી કે તમે ઓછામાં ઓછાં ત્રણ ઠાણાં કેમ નથી? આથી વિપરીત એક સાધુને જોઈને જૈન સમાજ લાલ કપડું જોઈને આખલો ભડકે તેમ ભડકી ઊઠતો હોય છે.

ઘણીવાર એકલવિહારી સાધુને જોઈને કેટલાક 'ભોળા' જીવો 'એકાદ ચેલો કરી લો ને!' એમ કહેતા હોય છે. ભલાદમી, તને એટલો બધો પ્રેમ હોય તો તું જ થઈ જા ને ચેલો! ચેલાઓ તે કંઈ ઝાડ ઉપર પાકે છે? રોજેરોજના ડાયલોગ સાંભળીને કંટાળેલો સારો સાધુ પણ છેવટે એવું વિચારતો થઈ જાય છે કે હવે તો 'ગમે તે ભોગે' શિષ્ય કરવો જ પડશે. પછી ન બનવાનું બને એમાં કંઈ આશ્ચર્ય નથી.

૨. ટોળાંધારી સાધુઓને જોઈને અંજાઈ જવાની વૃત્તિથી જૈનોનો મોટા ભાગનો વર્ગ દોરવાઈ જતો હોય છે. જેને વધારે ચેલા હોય તે વધારે મહાન એવી ગ્રંથિથી પીડાતા જૈનોને યાદ દેવડાવવું જોઈએ કે ભગવાન મહાવીરના અનુયાયીઓ કરતાં તેમને છોડીને ચાલ્યા ગયેલા ગોશાળાના સાતગણા વધારે અનુયાયીઓ હતા. (ભગવાન મહાવીરના એક લાખ ઓગણસાંઈઠ હજાર શ્રાવકો, ગોશાળાના અગિયાર લાખ શ્રાવકો) તો શું ગોશાળો મહાન થઈ ગયો એમ આપણે કહીશું?

જૈનધર્મને નજીકથી અને ઊંડાણથી ન સમજેલા જૈનોનો બહુ મોટો વર્ગ, પોતે જેમને ગુરુ માન્યા હોય તેનો શિષ્યપરિવાર વધે અને પોતાના માનેલા ગુરુની જૈન સમાજમાં બોલબાલા થાય એ માટે આવા ગુરુઓને સાથ આપે છે. આવા જૈનો પાછા વેપારી માણસો હોવાથી પોતાનાં બાળકોને સલામત રાખીને સમાજમાંથી 'જરૂરિયાતવાળા' થોડાક પરિવારોને શોધી કાઢે છે. પછી જે બને છે તે સમજી શકાય એવું છે. ખરેખર ગુરુ ઉપર પ્રેમ હોય અને તેઓ પોતે પોતાના ગુરુઓનાં ચરણોમાં પોતાનું જીવન સોંપી દેતા હોય તો તો કદાચ એમ પણ સમજી શકાય કે તેઓ જૈન શાસન માટે ભોગ આપી રહ્યા છે. પરંતુ તેઓ 'સમજદાર' હોવાથી જતિ બનાવવા માટે પારકાં છોકરાંઓને ગમે ત્યાંથી શોધી કાઢે છે.

૩. સાધુઓને પોતાને પરિવાર વધારવાની અંગત લાલસા પણ ખરાબ ભૂમિકા ભજવે છે. 'અમે વધુ દીક્ષાઓ આપી છે' એવી હોંશમાં રાચતા કેટલાક હોંશીલા સાધુઓ તો વળી ગીનેસ બુક ઓફ વર્લ્ડરેકોર્ડઝમાં પોતાનું નામ ચમકે એની તજવીજમાં પડ્યા હોવાનું સાંભળીએ છીએ ત્યારે સમજાઈ જાય છે કે શિષ્યોની ફોજ વધારવા પાછળ કોઈના આત્મકલ્યાણની કામનાને બદલે 'ગીનેસ બુક ઓફ વર્લ્ડરેકોર્ડઝમાં નામ ચમકાવવાની લાલસા' વધારે મોટો ભાગ ભજવે છે.

એક સદ્ગત જૈનાચાર્યે તો ખુલ્લેઆમ પોતાના એક પુસ્તકમાં લખ્યું હતું કે 'ગચ્છનો વિકાસ કરવા માટે અપાતી દીક્ષાઓમાં થોડીક ખોટી દીક્ષાઓ થાય પણ ખરી!' આ માટે એમણે ઘઉંમાં કાંકરાનો દાખલો પણ આપ્યો હતો! શાબ્બાશ. 'ગચ્છના વિકાસ માટે દીક્ષા' કરતાં વધારે ભદ્દો વાક્યપ્રયોગ બીજો કયો હોઈ શકે?

૪. અયોગ્ય દીક્ષાઓમાં સૌથી વધારે દીક્ષાઓ પદવીઓનાં કારણોસર થાય છે. વર્તમાન જૈન સમાજમાં આ એક ગંદામાં ગંદી પદ્ધતિ છે અને આ પદ્ધતિના કારણે સેંકડો (રિપિટ સેંકડો) ખોટા સાધુઓ શ્રમણસંઘમાં દાખલ થઈ ગયા છે. આ મુદ્દાને સમજવામાં નહીં આવે તો તેનાથી થયેલાં નુકસાનો આવનારાં એક હજાર વરસમાં પણ સરભર કરી શકાશે નહીં. અત્યારે અસ્તિત્વ ધરાવતી એક પદ્ધતિ મુજબ, કોઈ સાધુને પદવી આપવાની જરૂરિયાત ઊભી થાય અને એણે કોઈક કારણસર શિષ્ય ન કર્યો હોય તો તેને પદવી આપી શકાતી નથી. ગમે તેવી મહેનત કર્યા પછી પણ જો શિષ્યપ્રાપ્તિ ન જ થાય તો પેલો જરૂરિયાતવાળો સાધુ શું કરે છે? એ ગમે ત્યાંથી બોકડો પકડી લાવીને મૂંડી કાઢે છે. ગુજરાત અને ઝારખંડ રાજ્યનાં કેટલાંક ગામો આવી દીક્ષાઓ માટે પ્રખ્યાત(!) છે. કન્યા વિના રખડી પડેલાઓ માટે જેમ બુરહાનપુર એ સ્વર્ગસમું છે તેમ શિષ્ય વિના રખડી પડેલાઓ માટે ઉક્ત રાજ્યોનાં કેટલાંક ગામો સ્વર્ગસમાં છે! અહીં તમને તમારા 'બજેટ પ્રમાણે' ચેલો મળી જવાની સો ટકા ગેરંટી મળે છે. અમારા સદ્ગત ગુરુદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ તો આવા ગામમાંથી ઉપાડી લવાતા ચેલાઓની જોરદાર ઠેકડી ઉડાડતા હતા! આવાં ગામોના કેટલાક લોકોએ તો એટલાં બધાં નાતરાં (દીક્ષાના અર્થમાં) કર્યાં હોય છે કે તેમને એ પણ યાદ નથી હોતું કે તેમણે પહેલી વાર દીક્ષા ક્યારે અને કોની પાસે લીધી હતી! અદલ એલિઝાબેથ ટેલર જેવું!

હિંદુ સંપ્રદાયમાં એક ભ્રામક ખ્યાલ વ્યાપક બની ગયો છે : 'અપુત્રીયાની ગતિ નથી.' આવા ખ્યાલના કારણે પુત્ર મેળવવા જેમ છેલ્લામાં છેલ્લી કક્ષાના ઉપાયો અજમાવાતા હોય છે તેમ અત્યારના જૈન સંઘમાં કેટલાક આધુનિક મુનિવરો પણ પોતે જાણે પદવી નહીં લે તો પૃથ્વી ઉપર પ્રલય આવી જશે એવા ખ્યાલોમાં રાચતા હોય છે અને ગમે તેવા દુરાચારી અને લંપટ એવા સાધુઓ પણ પદવી મેળવવા ન કરવાના રાજકીય પ્રકારના અખાડા કરતા હોય છે. આ પદવીઓની લાલસાના પાપે તો કેટલાયે સમુદાયોમાં આંતરિક યુદ્ધો ખેલાતાં હોય છે. કેટલાયે સમુદાયોમાં ભંગાણ પડ્યાના બનાવો પણ બનતા હોય છે. ક્યારેક તો સામૂહિક

*સ્થાનકવાસી સંપ્રદાયમાં, ક્રિશ્ચિયનોમાં અને દિગંબર જૈનોમાં બાળદીક્ષા નથી છતાં ત્યાં પણ શરમથી ઝૂકી જવાય તેવાં સેક્સકાંડ સરજાતાં રહે છે. માટે જ બાળદીક્ષા નહીં, પરંતુ અયોગ્ય દીક્ષા જ – પછી ભલે તે ગમે તે વયમાં થઈ હોય – બધાં પાપોનું મૂળ છે.*

પદપ્રદાનના તમાશા પણ ભજવાતા આપણે જોઈએ છીએ. આવી રીતે પદવીઓની લાલચમાં 'પદવી માટે શિષ્ય જરૂરી છે' એ સિદ્ધાંતને તો યાદ રાખવામાં આવે છે પરંતુ 'અયોગ્યને પદવી ન આપવી જોઈએ' એ સિદ્ધાંતને સગવડપૂર્વક ભૂલી જવામાં આવે છે. આમ પદવીની જરૂરિયાત પૂરી કરવા માટે જ્યારે શિષ્ય બનાવવાની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે ગંદામાં ગંદી રમતો રમાય છે. અત્યારે આપણો મુદ્દો માત્ર અયોગ્ય દીક્ષાઓ પૂરતો હોવાથી પદવીઓ લેવા માટે થતી આર્થિક લેવડદેવડની ચર્ચાને સમજપૂર્વક એક બાજુ રાખીએ છીએ.

૫. છેલ્લો મુદ્દો મજબૂરીનો. ગરીબ કુટુંબોની આર્થિક મજબૂરી વિશે ભારતમાં કોઈ ચર્ચા કરવી એ દાળ-ભાત અને શાક-રોટલીની ઓળખાણ કરાવવા બરાબર છે. ગરીબીને અમીરીમાં પલટી નાખવાની કળા એટલે અયોગ્ય દીક્ષાઓના ભાથામાંનું એક ઓર શક્તિશાળી તીર : 'જો તું દીક્ષા લેતો (કે લેતી) હોય તો તારા આખા કુટુંબની જવાબદારી મારી. તારૂં આત્મકલ્યાણ(!) થશે અને એક સાધર્મિકના કુટુંબનો ઉદ્ધાર(!) થશે.' કોઈના ઘરમાંથી ચેલો કે ચેલી લીધા વિના પેલા કુટુંબનો ઉદ્ધાર કરવા કેમ આગળ નથી આવતા? સિમ્પલ, એમાં ફાયદો શો? કેટલાયે દીક્ષાર્થીઓનાં કુટુંબો તરી ગયાના દાખલા નજરે જોવા મળે છે. પહેલાં બે ટંક રોટલાનાયે વાંધા હોય પણ ઘરમાંથી એકાદ જણને દીક્ષા આપ્યા પછી એ કુટુંબની રોનક બદલાઈ ગયાના દાખલા ઠેકઠેકાણે જોવા મળે છે. એવા ચોંકાવનારા કિસ્સાઓ પણ બને છે કે દેરાસરો ઉપર પ્રભુત્વ ધરાવનારા કેટલાક સાધુઓ દેરાસરની માલિકીનું સોનું-ચાંદી ઘર ભેગું કરતાંયે અચકાતા ન હોય.

અયોગ્ય દીક્ષાઓ માટેનાં ઉપર ગણાવેલાં મહત્ત્વનાં કારણો ઉપરાંત બીજાં પણ અસંખ્ય કારણો છે, જેની ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. મૂળ મુદ્દો એક જ છે કે જૈન સંઘમાં અત્યારે સૌથી મોટી સમસ્યા અયોગ્ય દીક્ષાની છે. મારી વાત કોઈને ગમે કે ન ગમે, જૈન સમાજનાં સેંકડો પાપોનું મૂળ અયોગ્ય દીક્ષા જ છે. એને નાથવામાં નહીં આવે ત્યાં સુધી છાનેખૂણે રોજેરોજ સેક્સકાંડનો ભોગ બનતા સેંકડો બાલમુનિઓ, પરાધીન સાધ્વીઓ અને ઇવન ગરીબ મહિલાઓની ચીસો દબાયેલી જ રહેશે. *જય જિનેન્દ્ર*ના ગયા અંકમાં એક બહેને પોતાના પત્રમાં જોરદાર શોટ માર્યો હતો : *આપણે કચરો વાળીને જાજમ નીચે સરકાવી દેવાનું બંધ કરવું પડશે, નહીં તો આવનારા દિવસોમાં આપણી બહેન-દીકરીઓની સલામતી આપણે વરૂઓને સોંપી રહ્યા છીએ એમ જ નક્કી થશે.*

●

**અનુસંધાન પૃષ્ઠ ૮ નું ચાલુ**

પ્રથા છે તે યોગ્ય જ છે અને તેને વળગી રહેવું જોઈએ. કોઈના તપ વખતે આપણે કશું લઈને બેઠાં હોઈએ કે ન હોઈએ પરંતુ આપણે તો ઉદ્યાપનની ભગવાનની આજ્ઞા સાચવવા માટે વ્યવહાર તો કરવો જ જોઈએ.

**અશોક શાહ** (પાર્લા, મુંબઈ)

તપ પણ કરવો અને વ્યવહાર પણ કરવો એ ઠીક લાગે છે. વ્યવહાર કરવામાં થોડુંઘણું ઘસાવું તો પડે.

**ગોપાળજીભાઈ વોરા** (દાદર, મુંબઈ)

પરાણે વહેવાર કરવાની પ્રથા યોગ્ય નથી. મારી ખૂબ ભાવના છતાં આટલા ખાતર જ મારાં માતાપિતાએ પણ મને અઠ્ઠાઈ કરવા નહોતી દીધી. એમની એ જ દલીલ હતી કે આપણે વહેવાર કરવામાં પહોંચી નહીં વળીએ અને વહેવાર નહીં કરીએ તો સમાજમાં રહેવું ભારે પડશે. આવા કુરિવાજોના કારણે જ મારી અઠ્ઠાઈની ભાવના કદી પૂરી ન થઈ શકી.

**નીલિમા પારેખ** (વાસણા, અમદાવાદ)

અઠ્ઠાઈ કરીએ એટલે લેવડ-દેવડના વ્યવહારો કરવા જ જોઈએ એ બાબત બરાબર નથી. ખરેખર તો અઠ્ઠાઈ કર્યાની જાણ જ કોઈને ન કરવી જોઈએ. દાન અને તપ તો ગુપ્ત જ સારાં. તમે તપ કર્યાનું કોઈને જણાવો તો તમારે કોઈ વહેવાર કરવા પડે ને?

**પ્રકાશભાઈ ઝવેરી** (મણિનગર, અમદાવાદ)

શક્તિ અને ભાવના હોય તો તપ અવશ્ય કરવું જોઈએ. એ કર્યા પછી વ્યવહારો કરી શકાય તો ઉત્તમ, ન કરી શકાય તો ચિંતા નહીં કરવાની, પરંતુ થઈ શકતું હોય તો તપ તો અવશ્ય કરવાનું જ.

**પન્નાલાલ શાહ** (ગોરેગાંવ, મુંબઈ)

આત્મકલ્યાણની ભાવના સાથે જ્યારે તપ કરવાનું હોય ત્યારે વહેવારની વાતો ભૂલી જવી જોઈએ. તપ કરનારે એ યાદ રાખવું જોઈએ કે તેણે કોઈને દેખાડવા માટે કે ખુશ કરવા માટે તપ કરવાનું નથી. વ્યવહાર થાય કે ન થાય, શક્તિને અને ભાવના હોય તો તપનું જ પ્રાધાન્ય રહેવું જોઈએ.

**નારાયણભાઈ શાહ** (ન્યૂ દિલ્હી)

જેને તપની પાછળ વહેવાર તરીકે ઓળખાવાય છે તે હકીકતે વહેવાર નથી પરંતુ તપ કરનારના હૃદયની એક ભાવના છે. આવી ભાવનાને ખરેખર તો પ્રોત્સાહન આપવું જોઈએ. જમાનાવાદી લોકો જ એ ભાવનાને વહેવાર કહીને વખોડે છે. તપની અનુમોદનાર્થે કરાતી પ્રવૃત્તિને હજારો વરસના ઇતિહાસનું સમર્થન છે.

**કેશવલાલ કામદાર** (બાપુનગર, અમદાવાદ)

તપ અને વહેવારનું આખું સમીકરણ જ હાસ્યાસ્પદ છે. થાય તો ભલે કરીએ બાકી અત્યારે તો વ્યવહાર માટે તપ એવું સમીકરણ થઈ ગયું છે જે સર્વથા અનુચિત છે.

**પ્રભાબેન** (આંબાવાડી, અમદાવાદ)


નવું પ્રકાશન

# પદ્માવતી હવન

**સંકલકર્તા : પૂજનીય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**
**પ્રકાશક : નિર્ગ્રંથ ફાઉન્ડેશન, અમદાવાદ**

નિર્ગ્રંથ ફાઉન્ડેશનના ઉપક્રમે ભગવતી પદ્માવતી માતાના લઘુ હવનની પુસ્તિકાનું પુનઃ પ્રકાશન થઈ ચૂક્યું છે.

પૂજ્ય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રી દ્વારા નમિઊણકલ્પ સહિત વિવિધ ગ્રંથોના આધારે તૈયાર કરાયેલ આ પુસ્તિકામાં ભગવતી પદ્માવતીના લઘુ હવનના વિધિનું 'પુસ્તક જોતા જાઓ અને વિધિ કરતા જાઓ' એવી સરળ પદ્ધતિથી તદન સરળ ભાષામાં આલેખન કરવામાં આવ્યું છે. વિધિવિધાનથી તદન અજાણી વ્યક્તિ પણ પુસ્તિકાના આધારે કોઈનાયે માર્ગદર્શન વિના હવન કરી કરાવી શકે એવી સરળતાથી આ વિધિનું આલેખન કરવામાં આવ્યું છે.

*જય જિનેન્દ્ર* કાર્યાલયમાં આ પુસ્તિકા ઉપલબ્ધ છે. ૨૫ રૂપિયાના મૂલ્યની આ પુસ્તિકા પૂજ્ય ગુરુ ભગવંત દ્વારા પત્ર મળ્યેથી ભક્તિભાવે અર્પણ કરવામાં આવશે. વિધિકારકોને ખપ હોય તો પોતાના લેટરપેડ ઉપર પત્ર લખીને દસ રૂપિયાનું પોસ્ટેજ મોકલી આપશે તો તેમને પણ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

*પુસ્તિકા મેળવવા માટે અહીં લખો :*
જય જિનેન્દ્ર કાર્યાલય,
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ



જય જિનેન્દ્ર
**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**
વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. પાંચ વરસનું લવાજમ ૫૦૦ રૂપિયા

## આપનો પત્ર મળ્યો



જય જિનેન્દ્ર (સપ્ટેમ્બર, ૨૦૦૩)માં ચંદનાના આંસુના પ્રસંગની સત્ય હકીકત વાંચીને ખૂબ આનંદ થયો. હવે આ વાત હું અન્યને પણ અવશ્ય કરીશ. પર્યુષણ અંગેનો લેખ પણ માર્મિક છે.

**મુનિ દિવ્યવલ્લભવિજય**
(થલતેજ, અમદાવાદ)

**ચંદન**બાળા અંગેનું લખાણ વિચારવા જેવું લાગ્યું. અસલી ઇતિહાસ અને જૈન સિદ્ધાંતોમાં સેંકડો વરસોમાં કેટલી બધી વિકૃતિઓ પેસી ગઈ છે તેનો આનાથી ખ્યાલ આવે છે. આગમોના પ્રકાશમાં આવી અનેક સત્ય હકીકતો બહાર લાવવી જોઈએ. જય જિનેન્દ્રની નિર્ભયતા જોતાં તેની માટે આ અશક્ય નથી.

**સાધ્વી પ્રિયંવદાશ્રી** (અમદાવાદ)

**પર્યુ**ષણની આરાધના અંગેનો લેખ ખરેખર આંખો ખોલનારો હતો. હકીકતે ગામેગામ આમ જ ચાલે છે.

**અલ્પેશ ગાંધી** (અમદાવાદ)

**ચંદન**બાળા અંગેના લખાણથી આશ્ચર્ય થયું. પરંપરાગત રીતે કથા કહેનાર સેંકડો મહારાજ સાહેબો ખોટા અને તમે એક જ સાચા? અત્યાર સુધી કોઈ આચાર્ય ભગવંતે આંસુ અંગેના પ્રસંગનો વિરોધ કર્યો નથી. તમે વિરોધ કરીને શું પૂરવાર કરવા માગો છો તે સમજાયું નહીં. તમને આ અંગેના શાસ્ત્રપાઠો રજૂ કરવા પડકાર ફેંકું છું.

**રતનલાલ પારેખ** (વાસણા, અમદાવાદ)

જય જિનેન્દ્રની નોંધ : ભાઈશ્રી, આપનો પત્ર અમે ચંદનબાળા અંગેના લેખના લેખક પૂજનીય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજને પહોંચતો કર્યો હતો. તેના પ્રતિભાવ તરીકે પૂજ્યશ્રીએ જે જણાવ્યું છે તે અહીં રજૂ કરી દઈએ છીએ.

– તંત્રી, જય જિનેન્દ્ર

પડકારપ્રેમી સુશ્રાવકશ્રી,

તમે મારો લેખ ધ્યાનથી વાંચ્યો હોત તો ઠીક થયું હોત. *'હું એક જ સાચો'* એવો દાવો મારાથી કદી કરી શકાય નહીં. તેમ, એ લેખમાં મેં કર્યો પણ નથી. *'પરંપરાગત રીતે કથા કહેનાર સેંકડો મહારાજ સાહેબો ખોટા?'* જેવી દલીલોમાં હું ઊતરતો નથી. હું ઘેટાંછાપ પરંપરાપ્રેમી નથી. આગમો અને પ્રાચીન આગમેતર જૈન સાહિત્યના શબ્દો મારી માટે પરંપરા કરતાં વધારે મૂલ્યવાન છે. મારા લેખમાં મેં આવશ્યકચૂર્ણિ સહિત અનેક જિનશાસનમાન્ય ગ્રંથોની સાક્ષી આપેલી જ છે. જે તે ગ્રંથો જોઈ લીધા હોત તો કદાચ તમે પડકાર આપવા સુધી ન પહોંચી ગયા હોત. આમ છતાં નમૂનારૂપ ત્રણ પાઠો અહીં આપું છું. એમાંથી, *'ભગવાન આંસુ જોયા વિના પાછા ગયા અને પછી ચંદનાના રડવાથી પાછા આવ્યા'* એવું પૂરવાર થતું હોય તો મને જણાવશો.

તમારી જેવા શ્રાવકોએ પડકારો આપવાના બદલે આરાધના કરવા તરફ વધુ ધ્યાન આપવું જોઈએ. અને પડકારો આપવા જ હોય તો દુરાચારશિરોમણિ સાધુઓ તથા તેમનો નાગો બચાવ કરનારા 'મામકા-પ્રેમી' વડીલો અને શાસનને બેવફા એવા ટ્રસ્ટીઓને આપવા જોઈએ. આ માટે જય જિનેન્દ્રના જૂના અંકો કદાચ તમને ઉપયોગી બનશે.

તો, તમે ઇચ્છો છો એવા શાસ્ત્રપાઠો આ રહ્યા :

'....तेहिं पुरतो कएहिं हिदयब्भंतरतो रोवति, सामी य अतिगतो, ताए चिंतियं—'सामिस्स देमि, मम एवं अधम्मफलं,' भणति—भगवं, कप्पति? **सामिणा पाणी पसारितो, चउव्विहो वि पुण्णो अभिग्गहो....'**

– આવશ્યકચૂર્ણિ.

'....अच्चंतमसारं कुम्मासभोयणं निरिक्खिऊण दूरमजुत्तमेयं इमस्स महामुणिस्स त्ति विभावमाणीए सोगभरग्गगिराए गलंतबाहप्पबाहाउललोयणाए भणियमणाए—भयवं, जइ वि अणुचियमेयं तहावि मए अधन्नाए अणुग्गहट्ठं गिण्हह कुम्मासभोयणं ति **भगवया वि पसारियं पाणिपत्तं....'**

– મહાવીરચરિયં ૨/૨૪/૬.

'....मध्येऽह्निमेकं देहिल्या बहिष्कृत्वा द्वितीयकम्। द्वारशाखाविलग्नाऽऽस्ते रुदती मन्दमुन्मनाः॥ तदाऽऽगाद् भगवान् वीरो भिक्षार्थं तमवेक्ष्य सा। अहो पात्रं मया प्राप्तं किंचित्पुण्यं ममास्त्यपि॥ नोचितं वः प्रभो देयं परं कृत्वा कृपां मयि। कल्पते चेदाददीध्वं ज्ञात्वाऽथावधिना प्रभुः॥ **पूर्णोऽद्याभिग्रह इति पाणिपात्रमधारयत्।'**

– મહાવીરચરિત્ર (આવશ્યક કથા અંતર્ગત).

તમારો પડકાર મેં ઝીલી લીધો. હવે તમારે શું કરવું જોઈએ તે તમને કહેવા માટે હું ઘણો નાનો છું.

– શુભેચ્છુ **મિત્રાનંદસાગર**
વેજલપુર, અમદાવાદ

*

## તપ અને વ્યવહાર

જય જિનેન્દ્રના સપ્ટેમ્બરના અંકમાં અમે અમારા વાચકો સમક્ષ તપ અને વ્યવહારના સંદર્ભમાં એક પ્રશ્ન મૂક્યો હતો તેના પ્રતિભાવરૂપે અમને કેટલાક પત્રો મળ્યા છે. અલબત્ત, આમાં ઇનામને પાત્ર ઠરે એવો એક પણ પત્ર નથી. ચર્ચામાં ભાગ લેનારા વાચકોના પત્રો અહીં પ્રકાશિત કરી રહ્યા છીએ.

– તંત્રી, જય જિનેન્દ્ર

**કોઈ** પણ તપ છેવટે તો આત્મકલ્યાણ માટે જ હોય છે. તેમ છતાં ભગવાને તપનું બહુમાન કરવા માટે તેનું ઉદ્યાપન કરવાની આજ્ઞા કરી જ છે. આથી અઠ્ઠાઈ જેવા મહાતપ પછી જે વ્યવહારો કરવાની

**અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપર**

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

એક ગંધાતા જાનવરે ગુલાબને કહ્યું : 'જો હું કેવી ઝડપથી દોડું છું. તું તો નથી હાલી શકતું કે નથી ચાલી શકતું.'
ગુલાબે એને કહ્યું : 'વાહ રે ભલા વાયુવેગે દોડનાર, મહેરબાની કરી ઝડપથી ભાગી જા.'

**– ખલિલ જિબ્રાન**

●

**સ્પંદન**

પકડો કલમને કોઈ પળે એમ પણ બને;
આ હાથ આખેઆખો બળે એમ પણ બને. *(તાજેતરમાં અવસાન પામેલા કવિ મનોજ ખંડેરિયાને અંજલિ સાથે)*

●

**ના હોય!**

'કમાલ કહેવાય, તમે આટલા બધા રંગ કર્યા તોય ક્યાંય પકડાયા નહીં. એનું રહસ્ય તો સમજાવો.'
'દીક્ષા પહેલાંનો બહોળો અનુભવ ખરો ને, તે અહીં પણ કામ લાગ્યો!'

## !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004